| | |
|---|---|
| રજુ તારીખ | ૧૧/૦૪/૨૦૧૬ |
| દાખલ તારીખ | ૧૧/૦૪/૨૦૧૬ |
| ફેંસલ તારીખ | ૦૭/૦૪/૨૦૨૬ |
| અવધિ:–વર્ષ– માસ– દિવસ– | |

# મહે. લાલપુરનાં મુખ્ય સીનીયર સીવીલ જજ, સમક્ષ.

**રે.દિ.મુ.નં. ૨૦/૨૦૧૬**

**આંક :**

**વાદી :–** ગુજરાત ગ્રામીણ બેંક
(પૂર્વવત સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક)
તે, ધી રીજીયોનલ રૂરલ બેંક એકટ–૧૯૭૬
હેઠળ રચાયેલ બેંકીંગ કંપની
હેડ ઓફીસ–ઢેબર રોડ, રાજકોટ.
બ્રાંચ ઓફીસ – ઠે. પડાણા,
ઠે. પડાણા, તા લાલપુર, જી.જામનગર

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઓ :–** (૧) હસમુખલાલ નેમચંદ શાહ (મુળ કરજદાર) તથા
તે પ્રતિવાદી નં. ૨ થી ૪ ના કુલમુખત્યાર

(૨) શાંતિલાલ નેમચંદ શાહ
પુખ્ત વયના, ધંધો:– ખેતી/વેપાર,
હાલ રહે. ૨૧૩, તૈલેવાળા કનૈરી, આગ્રા રોડ,
ભીવંડી, જી. થાણા, મુંબઈ.

(૩) પ્રફુલ નેમચંદ શાહ
પુખ્ત વયના, ધંધો:– ખેતી/વેપાર,
હાલ રહે. ૨૧૩, તૈલેવાળા કનૈરી, આગ્રા રોડ,
ભીવંડી, જી. થાણા, મુંબઈ.

(૪) શૈલેષ નેમચંદ શાહ
પુખ્ત વયના, ધંધો:– ખેતી/વેપાર,
હાલ રહે. ૨૧૩, તૈલેવાળા કનૈરી, આગ્રા રોડ,
ભીવંડી, જી. થાણા, મુંબઈ.

**દાવો :- રૂા. ૧,૦૭,૨૪૬-૪૬ પૈસા વસુલ મેળવવા બાબતનો.**

**વાદી તરફે :- વિ.વ.શ્રી કે.પી.જોષી**

**પ્રતિવાદી તરફે :- વિ.વ.શ્રી એચ.ડી.જોષી**

**-:: જજમેન્ટ ::-**

**(૧)** વાદીએ હાલનો દાવો પ્રતિવાદીઓ સામે રૂા. ૧,૦૭,૨૪૬-૪૬ પૈસાની વસુલાત મેળવવા માટે દાખલ કરેલો છે. વાદીના દાવાની શબ્દસહ: હકીકત એવી છે કે,

૧. વાદી બેંક તે રીજીયોનલ રૂરલ બેંક એકટ-૧૯૭૬, અન્વયે અસ્તિત્વમાં આવેલ સ્ટેચ્યુટરી બોડી છે.

૨. આ કામના પ્રતિવાદીઓ નં. ૨ થી ૪ મુંબઈ મુકામે વસવાટ કરી રહયા છે અને તેઓની માલીકીની જમીન મુ. ગામ:- પડાણા, તા. લાલપુર, જી. જામનગર મુકામે આવેલ છે જે અંગે પ્રતિવાદી નં.૧ ને કુલમુખત્યારનામું આપવામાં આવેલ છે અને કુલમુખત્યાર જે તે સમયે પડાણા મુકામે વસવાટ અને ખેતી/ધંધો કરી રહ્યાં હતા અને પ્રતિવાદીઓ હાલ મુંબઈ મુકામે વસવાટ અને ધંધો કરી રહ્યાં છે. પ્રતિવાદીઓ ચાર પૈકીના તેમના કુલમુખત્યાર ધ્વારા ખેતી વિષયક પાક ધીરાણ માટેની લોનની વાદી બેંક પાસેથી ધિરાણની માંગણી કરતા, વાદી બેંકે પ્રતિવાદીઓને રૂા.૭૫,૦૦૦/-ની ખેતી વિષયક લોન તા. ૧૭/૦૪/૨૦૧૩ના રોજ વાર્ષિક સેંકડે ૧૨ % નાં વ્યાજનાં દરે આપેલ છે.

૩. વાદી બેંક પાસેથી મેળવેલ સદરહુ ધિરાણની સીક્યોરીટી પેટે વાદી બેંક જોગ પ્રતિવાદીઓએ નીચે મુજબના દસ્તાવેજો લખી આપી સદરહુ ધિરાણ હપ્તાથી ચડત વ્યાજ સહીત પરત ભરપાઈ કરવાની જવાબદારી સ્વીકારેલ છે. સદર દસ્તાવેજોની ખરી નકલો, દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ છે.

(એ) તા. ૧૭/૦૪/૨૦૧૩ ના રોજની વાદી બેંક સાથે કરવામાં આવેલ સાનગીરો કરાર/હાઈપોથીકેશન કરાર.

(બી) તા. ૧૭/૦૪/૨૦૧૩ ના રોજનો વાદી બેંક સાથે કરવામાં આવેલ વ્યવસ્થાપત્ર.

(સી) તા. ૧૭/૦૪/૨૦૧૩ ના રોજનો વાદી બેંક સાથે કરવામાં આવેલ લેટર ઓફ વેઈવર,

(ડી) તા. ૦૫/૦૭/૨૦૦૭ ના રોજનું પ્રતિવાદીઓનું વાદી બેંક જોગથી લોન લેવા અંગેનું કુલમુખત્યારનામું.

૪. પ્રતિવાદીઓએ વાદી બેંક પાસેથી લીધેલ સદરહ રૂા.૭૫૦૦૦/-નું ધિરાણ ૧૨ % ની વ્યાજ સહિત હપ્તાથી પરત ભરપાઈ કરવાની જવાબદારી સ્વીકારેલ છે.

૫. વાદી બેંક ધ્વારા બેંકીંગ ધારાધોરણો તથા નિયમાનુસાર પ્રતિવાદીઓનું લોન ખાતા નં. 6129001336 થી રાખેલ છે અને તેમાં વ્યાજની રકમો ઉધારવામાં આવેલ છે. તેમજ વસુલા આવેલ રકમો જમા કરવામાં આવેલ છે. પ્રતિવાદીઓના ખાતામાં રીઝર્વ બેંક ધ્વારા નકકી કરવામાં આવેલ પ્રવર્તમાન નિયમાનુસાર વ્યાજ ઉધારવામાં આવેલ છે, જે વ્યાજનો પ્રવર્તમાન દર ૧૪ % છે. પ્રતિવાદીઓનાં વાદી બેંકમાં રહેલ લોન ખાતાની ખરી નકલ આ સાથે દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ કરેલ છે.

૬. પ્રતિવાદીઓએ વાદી બેંક પાસેથી મેળવેલ ધિરાણ લોન દસ્તાવેજની શરતો અનુસાર પરત ભરપાઈ કરેલ નથી અને પ્રતિવાદીઓના વાદી બેંકમાં રહેલ લોન ખાતા અનુસાર તા.૩૧/૦૩/૨૦૧૬ નાં રોજ રૂા. ૧,૦૭,૨૪૬.૪૬ ની રકમ વાદીની પ્રતિવાદીઓ પાસે ચડત વ્યાજ સાથે બાકી લેણી રહે છે.

**વાદીએ આ દાવો કરી એવી દાદ માંગેલ છે કે,**

(૧) આ કામના પ્રતિવાદીઓ વાદી બેંકની દાવા મુજબની લેણી નીકળતી રકમ રૂા. ૧,૦૭, ૨૪૬.૪૬ પૈસા તા.૩૧/૦૩/૨૦૧૬ થી વસુલ થતાં સુધી ચકક્ત વાર્ષિક ૧૪ ટકાનાં વ્યાજ સહિત જાત તથા તમામ મિલ્કતમાંથી ચૂકવી આપે તેવું.

(૨) આ દાવાનું તમામ ખર્ચ વાદીને પ્રતિવાદીઓ પાસેથી અપાવવાનું.

(૩) આ દાવાને આનુસંગિક નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી અન્ય તમામ દાદ વાદીને પ્રતિવાદીઓ પાસેથી અપાવવાનું વાદીના લાભમાં હકમનામું કરી આપવા વિનંતી કરેલ છે.

**(૩)** વાદીએ દાવો દાખલ કરતા ધોરણસરનો સમન્સ પ્રતિવાદીઓને કાઢવામાં આવેલ છે જેમાં પ્રતિવાદી નં. ૨ થી ૪ ઉપર ધોરણસરનો સમન્સ બજેલ છે. જયારે પ્રતિવાદી નં. ૧ ઉપર દાવાનો સમન્સ બજેલ નથી અને પ્રતિવાદી નં. ૧ ઉપર દાવાનો સમન્સ જાહેર સમન્સથી બજાવવા માટેની અરજી આંક–૫૧ થી આપેલ છે. જે મંજુર થયેલ છે અને પ્રતિવાદી નં. ૧ સામે જાહેર સમન્સ પ્રસિધ્ધ થયેલ છે. પરંતુ પ્રતિવાદીઓ તરફે કોઇ હાજર થયેલ નથી.

ત્યારબાદ પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ આંક–૩૨ થી વાદીના દાવાનો લેખીત જવાબ આપેલ છે જેમા તેઓએ વાદીની દાવા અરજીનો મહદ અંશે ઈન્કાર કરેલ છે અને વાદીને પ્રતિવાદી નં. ૨ થી ૪ સામે દાવો કરવા માટે કોઈ કારણ ઉભુ થયેલ ન હોવાનુ અને વાદીએ તે પ્રતિવાદીઓ સામે ખોટો દાવો કરી, ખોટી રીતે પ્રતિવાદી નં. ૨ થી ૪ ને દાવામાં ઢસડેલ હોવાનુ જણાવેલ છે અને પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં. ૧ ને જે પાવર ઓફ એટર્ની આપેલ છે તે આ દાવામાં રજુ થયેલ પાવર ઓફ એટર્ની નથી તેવી તકરાર ઉઠાવેલ છે અને પ્રતિવાદી નં. ૧ ને પ્રતિવાદી નં. ૨ થી ૪ વતી ધીરાણ મેળવવાની કોઈ સતા આપેલ ન હોવા છતાં વાદી અને પ્રતિવાદી નં. ૧ નાએ એકબીજાના

મેળાપીપણામાં પ્રતિવાદી નં. ૨ થી ૪ ના નામની ખોટી લોન મેળવેલ હોવાની અને તે લોન વસુલાત માટે ખોટો દાવો થયેલ હોવાનુ જણાવેલ છે અને દાવો નામંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૪) વાદી તરફે તેમની દાવા અરજીનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**–:: મૌખિક પુરાવાઓ ::–**

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧. | વાદી સૌરભ મુકેશભાઇ ભાર્ગવા નું સરતપાસ નું સોગંદનામું. | ૫૭ |

**–:: દસ્તાવેજી પુરાવાઓ ::–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | પ્રતિવાદી નં.૨ થી ૪ વાળાઓએ પ્રતિવાદી નં. ૧ ની તરફેણમાં આપેલ કુલમુખત્યારનામું અસલ. | ૬૪ |
| ૨. | પ્રતિવાદી નં. ૧ દ્વારા જાતે તથા અન્ય પ્રતિવાદીઓના મુખત્યાર દરજજે કરી આપવામાં આવેલ સાનગીરો/ હાયપોથીકેશન કરાર અસલ, | ૬૫ |
| ૩. | પ્રતિવાદી નં. ૧ દ્વારા જાતે તથા અન્ય પ્રતિવાદીઓના મુખત્યાર દરજજે કરી આપવામાં આવેલ વ્યવસ્થાપત્ર અસલ | ૬૬ |
| ૪. | પ્રતિવાદી નં ૧ દ્વારા જાતે તથા અન્ય પ્રતિવાદીઓના મુખત્યાર દરજજે કરી આપવામાં આવેલ લેટર ઓફ વેઈવર અસલ. | ૬૭ |
| ૫. | પ્રતિવાદીઓને કાનુની નોટીસ રજી એડી. કર્યા અંગેની ટપાલ ખાતાની પાવતીઓ અસલ | ૬૮ |
| ૬. | પ્રતિવાદીઓને આપવામાં આવેલ કાનુની નોટીસના પરત ફરેલ કવર અસલ. | ૬૯ |
| ૭. | પ્રતિવાદીઓના વાદી બેંકમાં રહેલ લોન અંગેના સ્ટેટમેન્ટ ઓફ એકાઉન્ટનો ઉતારો અસલ. | ૮૩ |
| ૮. | બેંકર્સ બુક એવીડન્સ એક્ટની જોગવાઈઓ મુજબનું પ્રમાણપત્ર અસલ. | ૮૪ |

આ સિવાય બીજા કોઇ મૌખિક પુરાવા રજુ થયેલ નથી.

(૫) પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓ તરફે પુરાવો રજુ કરવા માટે પુરતી અને વ્યાજબી તક આપવા છતા પ્રતિવાદીઓ તરફે કોઇ પુરાવો રજુ થયેલ નથી.

(૬) આ દાવો દલીલના સ્ટેજે આવ્યા બાદ બંને પક્ષોની દલીલો માટે કોઇ હાજર ન રહેતા, વાદી તથા પ્રતિવાદીઓ બંને પક્ષોની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) આ દાવાના નિર્ણય અર્થે આંક–૫૪ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરેલ છે.

**–:: મુદ્દાઓ ::–**

૧. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદી પાસેથી દાવા અરજીમાં જણાવેલ લેણી રકમ મેળવવા હકકદાર છે?

૨. શું વાદી પુરવાર કરે છે કે, વાદી ઉપરોકત રકમ પર વ્યાજ મેળવવા હકકદાર છે? જો હા, તો કેટલા ટકા અને કયારથી ?

૩. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, તેઓએ બેંક પાસેથી કોઈ લોન લીધેલ નથી ? તેમજ પ્રતિવાદી નં. ૧ નાઓએ બેંક પાસેથી લોન લીધેલી જે ભરપાઈ કરવાની જવાબદારી પ્રતિવાદી નં. ૧ ની છે ?

૪. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે વાદીનો દાવો ફોલ્સ ફ્રીવોલીયસ તેમજ વેકસેસીયસ છે ?

૫. શું વાદી માંગ્યાં મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૬. શું હુકમ અને હુકમનામું?

( ૮ ) ઉપરોકત મુદ્દાઓ અંગેનાં મારાં નિર્ણયો નીચે મુજબ છે.

**–:: નિર્ણયો ::–**

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. નકારમાં

૫. નકારમાં

૬. આખરી હુકમ મુજબ.

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ થી ૫ :-**

**(૯)** વાદીએ પોતાનો દાવો પુરવાર કરવા માટે આંક-૫૭ થી સૌરભ મુકેશભાઈ ભાર્ગવા નું સરતપાસનું સોગંદનામુ રજૂ કરેલ છે. તેઓએ હાલનો દાવો જે તે વખતે વાદી બેંકના મેનેજર કમલ પ્રવીણચંદ્ર મહેતા દ્વારા દાખલ કરવામાં આવેલ હોવાનું અને તેઓનું મૃત્યુ થયેલ હોય અને આ સાહેદ બેંકના મેનેજર તરીકે ફરજ બજાવતા હોય, રેકર્ડ ઉપરથી તેઓ આ દાવાની હકીકત વિશે માહિતગાર હોવાનું જણાવેલ છે અને મેનેજરના હોદ્દાની રૂએ તેઓએ આ સરતપાસનું સોગંદનામુ રજૂ કરવા હકકદાર હોવાનું જણાવેલ છે. આ સાહેદે પોતાની સોગંદ પરની સરતપાસમાં દાવા મુજબની હકીકતો જણાવેલ હોય જેથી પુનરાવર્તન ટાળુ છુ. આ સાહેદની પ્રતિવાદીઓ તરફે ઉલટતપાસ થયેલ નથી અને ઉલટતપાસનો પ્રતિવાદીઓનો હકક બંધ કરવામાં આવેલ છે.

**(૧૦)** વાદી તરફે આંક-૬૪ થી પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં.૧ ને આપેલ કુલમુખત્યારનામુ રજૂ કરેલ છે. જે કુલમુખત્યારનામુ જોતા તા. ૦૪.૦૭.૨૦૦૭ ના રોજ નું કુલમુખત્યારનામું હોવાનું અને તેમાં પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં. ૧ ને સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંક ના પડાણા શાખામાંથી લોન મેળવવા માટે સત્તા આપેલ હોવાનું જણાય છે. વાદી તરફે આંક-૬૫ થી એક સાન ગીરો કરાર રજૂ કરેલ છે. જે કરાર જોતા ૧૭ એપ્રિલ ૨૦૧૩ ના રોજ રૂા. ૭૫,૦૦૦/- ની લોન અંગેનો કરાર કરેલ હોય અને તેમાં લોન લેનાર પડાણા ગામના સર્વે નં. ૪૫૬ વાળી જમીન તારણમાં

મુકેલ હોય તેવું જણાય આવે છે. પરંતુ આ કરારમાં પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓની કોઈ સહી નથી. પરંતુ તેમાં કુલમુખત્યાર તરીકે પ્રતિવાદી નં. ૧ એ સહી કરી હોય તેવું જણાય છે. તે જ રીતે આંક–૬૬ થી પ્રતિવાદી નં. ૧ પ્રતિવાદી નં. ૨ થી ૪ ના કુલમુખત્યાર દરજ્જે વાદી બેંકની તરફેણમાં કરી આપેલ વ્યવસ્થાપત્ર રજૂ થયેલ છે. આંક–૬૭ થી પ્રતિવાદી નં. ૧ એ બેંકની તરફેણમાં કરી આપેલ લેટર ઓફ વેઈવર રજૂ થયેલ છે. તેમજ, આંક–૬૮ થી પ્રતિવાદીને બેંકે મોકલેલ નોટીસ અંગેની પોસ્ટની પાવતીઓ તથા આંક–૬૯ થી પ્રતિવાદીઓને મોકલેલ નોટીસો પરત ફર્યા અંગેનું પોસ્ટનું કવર રજૂ થયેલ છે. વાદી તરફે રજૂ થયેલ કોઈપણ દસ્તાવેજોમાં પ્રતિવાદીઓ નં. ૨ થી ૪ નાઓની સહીઓ નથી, પરંતુ તેઓના કુલમુખત્યાર તરીકે પ્રતિવાદી નં. ૧ એ સહી કરેલ હોવાનું જણાય છે.

**(૧૧)** આ કામે પ્રતિવાદીઓ તરફે કોઈ પુરાવો રજૂ થયેલ નથી.

**(૧૨)** આ કામે પ્રતિવાદીઓ તરફે વાદીની કોઈ ઉલટતપાસ કરેલ નથી કે પ્રતિવાદીઓ તરફે કોઈ પુરાવો રજૂ થયેલ નથી તે રેકર્ડ ઉપરની નિર્વિવાદ હકીકત છે. પરંતુ કાયદાનો એક ખૂબજ પ્રચલિત સિદ્ધાંત એ છે કે, વાદીએ પોતાનો દાવો પોતાના પુરાવાથી પુરવાર કરવો પડે, વાદી પ્રતિવાદીઓની નબળાઈનો લાભ લઈ શકે નહીં. આ કામે વાદીનો દાવો જોતા વાદી રીજીનલ રૂરલ એક્ટ–૧૯૭૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ સ્ટેચ્યુટરી બોડી છે અને પ્રતિવાદી નં. ૨ થી ૪ મુંબઈ મુકામે રહે છે અને તેઓની જમીન પડાણા ગામે આવેલ હોય તે જમીન ઉપર લોન લેવા માટે પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં. ૧ ને કુલમુખત્યારનામું કરી આપેલું અને તે કુલમુખત્યારનામાં આધારે પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓ વતી પ્રતિવાદી નં. ૧ એ વાદી બેંકમાંથી તા. ૧૭.૦૪.૨૦૧૩ ના રોજ વાર્ષિક ૧૨ % વ્યાજની રૂા. ૭૫,૦૦૦/– ની લોન મેળવેલ છે તેઓ વાદીનો મુખ્ય દાવો છે.

**(૧૩)** પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓનો બચાવ જોતા, તેઓએ પ્રતિવાદી નં. ૧ ને કુલમુખત્યારનામું કરી આપેલું તે કુલમુખત્યારનામુ હાલના

દાવામાં રજૂ થયેલ કુલમુખત્યારનામુ નથી તેવો બચાવ કરેલ છે. પરંતુ, વાદી તરફે આંક–૬૪ થી રજૂ થયેલ કુલમુખત્યારનામુ જોતા પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં. ૧ ને કુલમુખત્યારનામુ કરી આપેલું હોય અને તેમાં પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓની પડાણા ગામે આવેલ જમીન ઉપર સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકમાંથી ધિરાણ મેળવવા માટેની સત્તાઓ આપેલ હોય તેવું જણાય છે. આ કુલમુખત્યારનામાં પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓની સહીઓ ખોટી છે તેવો પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓ તરફે કોઈ બચાવ કરેલ નથી અને વાદીનો સમગ્ર દાવો જોતા, પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ આપેલ કુલમુખત્યારનામાં આધારે પ્રતિવાદી નં. ૧ એ તા. ૧૭.૦૪.૨૦૧૩ ના રોજ વાદી બેંકમાંથી રૂા. ૭૫,૦૦૦/– ની લોન મેળવેલ છે તેવો વાદીના સમગ્ર દાવાનો સાર છે. હવે આ કામે વાદી તરફે લોન એકાઉન્ટ મેળવેલ છે અને તે વખતે વાદી બેન્કમાં પ્રતિવાદીઓનું લોન ખાતું નં. ૬૧૨૯૦૦૧૩૩૬ થી લોન ખાતું ચાલે છે તેવો વાદીઓનો દાવો છે. હવે, આ કામે વાદી તરફ પ્રતિવાદીઓના લોન ખાતા નં. ૬૧૨૯૦૦૧૩૩૬ નો ઉતારો નિશાની ૩/૮ થી રજૂ થયેલ છે. જે લોન ખાતું જોતા તે લોન ખાતાનું સ્ટેટમેન્ટ તા. ૧૩.૦૭.૨૦૦૭ થી તા. ૩૧.૦૩.૨૦૧૬ નું છે અને તેમાં તા. ૨૧.૦૬.૨૦૧૨ ના રોજ રૂા. ૭૯,૫૦૦/– જમા થયેલ છે અને બીજા દિવસે તા. ૨૨.૦૬.૨૦૧૨ ના રોજ રૂા. ૭૫,૦૦૦/– ની ઉધાર નોંધ થયેલ હોવાનું જણાય છે. આમ, આ ખાતું વાદીના કથન મુજબ તા. ૧૬.૦૪.૨૦૧૩ ના રોજ રૂા. ૮૩,૦૦૦/– જમા થઈ જતા અને આ ખાતામાં રૂા. ૧૬૧.૫૪ પૈસા જમા રહેલ હોવાનું અને ત્યારબાદ બીજા દિવસે તા. ૧૭.૦૪.૨૦૧૩ ના રોજ રૂા. ૬૦૦/– પ્રોસેસ ફી ઉધારેલી હોવાનું અને કુલ રૂા. ૬૦૦/– ઈન્સ્પેક્શન ચાર્જ કરેલ હોવાનું અને રૂા. ૭૫,૦૦૦/– ની લોન લીધેલ હોવાનો ઉલ્લેખ જણાય છે. આ રીતે જોતા પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં. ૧ ને કુલમુખત્યારનામુ આપેલ છે તે કુલમુખત્યારનામું સને–૨૦૦૭ ની સાલનું છે તેનો ઉપયોગ થઈ લોન લેવાઈ ગયેલ છે. તે લોન તા. ૧૬.૦૪.૨૦૧૩ ના રોજ સંપૂર્ણપણે ભરપાઈ થઈ ગયેલ હોવાનું જણાય છે અને ત્યારબાદ બીજા દિવસે તા. ૧૭.૦૭.૨૦૧૩ ના રોજ રૂા. ૭૫,૦૦૦/– ની લોન લેવાયેલ હોવાનું જણાય છે. આ નવી લોન લેવા માટે પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં. ૧

ને નવું કોઈ કુલમુખત્યારનામું આપેલું હોય તેવું વાદી બેંક દ્વારા રેકર્ડ ઉપર રજૂ કરેલ નથી અને વાદીએ જે કુલમુખત્યારનામુ રજૂ કરેલ છે તે જોતા તે કુલમુખત્યારનામુ તા. ૦૪.૦૭.૨૦૦૭ ના રોજનું છે અને વાદીનુ કથન જોતા પ્રતિવાદીઓને લોન તા. ૧૭.૦૪.૨૦૧૩ ના રોજ આપેલી છે અને તે લોન ખાતું નં. ૬૧૨૯૦૦૧૩૩૬ તેવું કથન છે. પરંતુ વાદીના દસ્તાવેજો જોતા લોન ખાતા નં. ૬૧૨૯૦૦૧૩૩૬ તા. ૧૭.૦૪.૨૦૧૩ ના રોજ શરૂ થયેલું ખાતું નથી પરંતુ સને–૨૦૦૭ થી ચાલી આવતું ખાતું છે. આમ, વાદી તરફે રજૂ થયેલ પાવર ઓફ એટર્ની જે પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં. ૧ ને આપેલ હોવાનું કથન છે. તે પાવર ઓફ એટર્ની અને નિશાની ૩/૮ થી રજૂ થયેલ લોન ખાતા નં. ૬૧૨૯૦૦૧૩૩૬ નો ઉતારો જોતા લોન ખાતા નં. ૬૧૨૯૦૦૧૩૩૬ સને–૨૦૦૭ થી ચાલી આવેલ હોવાનું અને તે ખાતાની લોન તા. ૧૬.૦૪.૨૦૧૩ ના રોજ સંપૂર્ણપણે ભરપાઈ થઈ ગયેલ હોવાનું જણાય છે. જ્યારે તા. ૧૭.૦૪.૨૦૧૩ ના રોજ નવેસરથી રૂા. ૭૫,૦૦૦/– ની નવી લોન લેવાયેલ હોવાનું જણાય છે. આ રૂા. ૭૫,૦૦૦/– ની નવેસરથી લોન લેવા માટે સને–૨૦૧૩ માં પ્રતિવાદી નં. ૨ થી ૪ નાઓએ પ્રતિવાદી નં. ૧ ને કોઈ કુલમુખત્યારનામું આપેલું હોય તેવું કોઈ કુલમુખત્યારનામુ વાદી બેન્ક દ્વારા રજૂ થયેલ નથી અને તે તમામ સંજોગોમાં પ્રતિવાદીઓ તરફે કોઈ પુરાવો રજૂ થયેલ ન હોવા છતાં અને વાદીની કોઈ ઉલટતપાસ થયેલ ન હોવા છતાં વાદી બેંકે પોતાના દસ્તાવેજ એટલે કે લોન ખાતું વાદી બેન્કના કથન મુજબ સમર્થન કરતુ જણાતું નથી અને તે સંજોગોમાં વાદી મુદ્દા નં. ૧ અને ૨ પુરવાર કરવામાં સરેઆમ નિષ્ફળ નિવડેલ છે તેવા તારણ ઉપર હું આવું છું. જેથી મુદ્દા નં. ૧ અને ૨ નો જવાબ નકારમાં આપું છું. પ્રતિવાદીઓ તરફે કોઈ પુરાવો રજૂ થયેલ ન હોય જેથી પ્રતિવાદીઓએ પુરવાર કરવાના મુદ્દા નં. ૩ અને ૪ નો જવાબ હું નકારમાં આપું છું અને તેથી મુદા નં. ૫ નો જવાબ હુ નકારમાં આપી તમામ ચર્ચાના અંતે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**–:: હુકમ ::–**

(૧) વાદીનો હાલનો દાવો આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) પ્રતિવાદીએ પોતાનો ખર્ચ પોતે ભોગવવો તથા વાદીનો ખર્ચ પ્રતિવાદીએ ભોગવવો

(૩) હુકમ મુજબનું હુકમનામું દોરવુ.

હુકમ આજરોજ તા.૦૭ , માહે : એપ્રીલ , સને–૨૦૨૬ નારોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

લાલપુર
તા.૦૭ / ૦૪/૨૦૨૬

**(એ.એ.વાયડા)**
મુખ્ય સીનીયર સીવીલ જજ
લાલપુર
યુઆઈસી નં.જીજે૦૦૯૮૬